# Manav Nade Che Manvi Ne Lyrics In Gujarati - Narayan Swami

માનવ નડે છે માનવી ને મોટો થયા પછી.
ચાવી મળે ગુનાહો ની જ્ઞાની થયા પછી..

માતા પિતા ની ગોદ માં, મમતા હતી ઘણી
બદલી ગયો એ પરણી ને , યૌવન મળ્યા પછી.
માનવ નડે છે માનવી ને.....

પ્રગતજીવન ની કરવા, ભાઈ ભણતર ભણી ગયો ,
પડતી હવે તે નોકરી , અનુભવ મળ્યા પછી.
માનવ નડે છે માનવી ને ....

ગાતો હતો તું ગીત , કાયમ પ્રભુ તણા
ભૂલી ગયો એ ભાવના, પૈસો થયા પછી
માનવ નડે છે માનવી ને....

નમતો હતો તું સર્વને , નિર્ધન પણા મહી ,
ઝગડા હવે કરે બધે , કૃપા મળ્યા પછી
માનવ નડે છે માનવી ને....

હું પ્રભુ બની હવે , પુજાઉ છું ઘણે
આપ કહે છે આપની સિદ્ધિ મિળ્યા પછી

અરે ભાઈ સાધના ઓ ખુબ કીધી
નાઝરિ કહે આ વિશ્વ માં
(તો શું જણાયું )
માનવી ને મેં કદી , પ્રભુ થતા જોયા નથી

માનવ નડે છે માનવી ને મોટો થયા પછી.
ચાવી મળે ગુનાહો ની જ્ઞાની થયા પછી..